# ઘ-૫ની ફુડકોર્ટ કાટમાળ વચ્ચે ગંદકીનુ સામ્રાજય

**ફુડકોર્ટના બિન ઉપયોગી સ્ટોલ્સનો જાહેર શૌચાલય તરીકે ઉપયોગ : છેલ્લા એક દાયકાથી દુકાનો ફાળવવામાં આવી નથી : હવે કંગાળ સ્ટોલના રીપેરીંગ પાછળ ૨૫ લાખ ખર્ચાશે**



ગાંધીનગર તા ૨૭

ઘ-૫ ની ફુડકોર્ટમાં છેલ્લા એક દાયકાના અંતે પણ હજુ ૫૭ જેટલી દુકાનો બિન ઉપયોગી છે. ખદબદતી ગંદકી વચ્ચે કંગાળ બનતા ફુડકોર્ટના સ્ટોલ્સના લીરા ઉડી ગયા હોય તેવી સ્થિતિ છે. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુડકોર્ટનુ હવે રીપેરીંગ કરવા માટે લાખોનો ખર્ચ કરવામાં આવશે. હાલ બિન ઉપયોગી સ્ટોલ્સનો જાહેર શૌચાલય તરીકે ઉપયોગ થાય છે. કાટમાળ વચ્ચે ગંદકીથી ખદબદતી ફુડકોર્ટનો આ સ્માર્ટ લુક....!! પણ.. જોવાલાયક છે.!!



સે-૧૬ માં ઘ-૫ સ્થિત ફુડકોર્ટની દુકાનો છેલ્લા એક દાયકાથી બિન ઉપયોગી હાલતમાં કંગાળ બની છે. ઘ-૫ પાસે દોઢ દાયકા પુર્વે ખુલ્લામાં ખાણીપીણી બજાર ધમધમતુ હતુ.જયારે ખાણીપીણી બજારના લીધે દબાણ અને ગંદકી સહીતના અનેક પ્રશ્નો આંખ સામે આવ્યા હતા. આવા સંજોગોમાં સરકારે આ સ્થળે ફુડકોર્ટના વિવિધ સ્ટોલ્સ બનાવાનુ આયોજન કરાયુ હતુ. જેના અંતે લાખોના ખર્ચે આ ઠેકાણે ફુડકોર્ટ તૈયાર કરવામાં આવી હતી. જયારે ફુડકોર્ટ તૈયાર કરાયા બાદ લાભાર્થીઓને સ્ટોલ્સ ફાળવવા માટેની પ્રકીયા હાથ ધરાઈ હતી .જયારે કુલ ૯૬ સ્ટોલ પૈકી ૩૯ ની ફાળવણી કરવામાં આવી હતી. જયારે બાકીની ૫૭ દુકાનો છેલ્લા એક દાયકાના અંતે પણ લાભાર્થીઓને ફાળવવામાં આવી નથી જયારે છેલ્લા ૧૦ વર્ષથી બિન ઉપયોગી હાલતમાં રહેલી આ ફુડકોર્ટ દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. ફુડકોર્ડના સ્ટોલ પણ વેરવિખેર થયા છે.જયારે સ્ટોલ્સના ઉપરના ભાગેથી પતરા પણ ઉખડી ગયા છે. ગંદકીના ઢગ વચ્ચે કાટમાળ સમાન બનતી આ ફુડકોર્ટનુ રીપેરીંગ કરવા માટે પણ તંત્ર દ્વારા આયોજન કરાયુ છે .

ઘ-૫ ખાણી પીણી બજારના ફુડકોર્ટના ૫૭ જેટલા સ્ટોલ્સ છેલ્લા ૧૦ વર્ષથી બિન ઉપયોગી છે. આ સ્ટોલ્સના રીપેરીંગ પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરાશે. જયારે રીપેરીંગ બાદ જિલ્લા કલેકટર કચેરી દ્વારા સ્ટોલની ફાળવણી પણ કરવામાં આવશે. જો કે હાલની સ્થિતિએ આ ઠેકાણે અસહ્ય ગંદકી ખદબદી રહી છે. જેના લીધે ગમે ત્યારે રોગચાળો ભરડો લે તેવી દહેશત છે. કેટલાક સ્ટોલ્સનો ઉપયોગ જાહેર શૌચાલય તરીકે થતો હોય તેમ ખુલ્લામાં શૌચક્રીયા કરવામાં આવે છે. જેના લીધે નજીકમાં સ્થિત ખાણીપીણી બજાર પણ રોગચાળાનુ ઉદભવ સ્થાન બને તેવી દહેશત છે.

# ઘ-૪ અન્ડરપાસ બનાવવાની સાઈટ પર કચરો બાળવાનું દેખાતાં ૫ હજારનો દંડ

**સ્થાયી સમિતિના ચેરમેનની સૂચના પછી તંત્ર હરકતમાં આવ્યુ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ઘ-૪ પાસે ચાલતા અન્ડરપાસના કામની સાઈડ પર જાહેરમાં કચરો બાળી નાશ કરવા માટે મહાનગર પાલિકાએ રૂ. પાંચ હજારનો દંડ વસુલ્યો છે એટલુ જ નહિ પરંતુ આ અંગે આગળની કાર્યવાહી કરવા માટે વન વિભાગને જાણ પણ કરી છે. આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઘ-૪ નજીકથી પસાર થતા હતા ત્યારે ત્યાં ધુમાડો જણાતાં તેમણે ગાડી સાઈડ પર લીધી હતી. જ્યાં કચરો બાળવામાં આવી રહ્યો હતો.

તેમણે તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરી અને બાળવાની પ્રવૃત્તિ બંધ કરાવી હતી આ પછી તેમણે સેનીટેશનના અધિકારીઓને જાણ કરી દંડનીય કાર્યવાહીની સૂચના આપી હતી.

સેનીટેશનના અધિકારીઓએ આ અંગે રૂ. ૫ હજારનો દંડ વસુલ્યો હતો. તંત્રે આ પછી વન વિભાગને પણ આની જાણ કરી આગળની તપાસ અને કાર્યવાહી કરવા લેખિતમાં જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે. અન્ડરપાસની કામગીરી કરતી એજન્સી સામે પ્રારંભમાં પણ ફરિયાદો ઉઠી હતી. છેલ્લા થોડાક દિવસથી ગાંધીનગરમાં જાહેરમાં કચરો સળગાવી નિકાલ થતો હોવાની વાત અખબારોમાં પણ ચમકી હતી.

## યુથ હોસ્ટેલ એસોસિએશન દ્વારા મરીન ટ્રેઈનીંગ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

યુથ હોસ્ટેલ્સ એઅસોસિએશન ઓફ ઈન્ડિયા ગાંધીનગર યુનિટ દ્વારા વન પરિભ્રમણ, સાહસિક તાલીમ જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું રહે છે. જે અંતર્ગત આગામી ફેબ્રુઆરી માસમાં આગામી તા. ૭ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન ઓખા નજીક બેટ દ્વારકા ટાપુ ઉપર મરીન લાઈફ ઓબ્ઝર્વેશન અને ટ્રેઈનીંગ કેમ્પ યોજાનાર છે.

## સેકટર-૨૫, ૨૬ અને ૨૭માં છુટાછવાયા કમળાના કેસો મળ્યા

**તંત્રએ પાણીના નમૂના લઈ સર્વેલન્સની કામગીરી હાથ ધરી**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં ખાસ કરીને સે. ૨૫, ૨૬ અને ૨૭માંથી કમળના કેસો દેખાતા તંત્ર દોડતુ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે છુટા છવાયા કમળાના કેસો ગાંધીનગરમાંથી મળવાના શરૂ થયા છે. અગાઉ સે. ૭ માંથી પણ આવા કેસો મળી આવ્યા હતા. આ પછી સે. ૧૪ માંથી પણ કેસો મળ્યા હતા.

હવે સે. ૨૫, ૨૬ અને ૨૭ માંથી છુટાછવાયા કેસો મળતાં શહેરનું આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. મળતી વિગતો પ્રમાણે સે. ૨૭ની એકતા કોલોની અને શિવશક્તિ સોસાયટીમાં છુટાછવાયા કમળાના કેસો નોધાયા છે.

જો કે આ પાણીજન્ય રોગચાળાના કેસો અંગે હાલ બધા મૌન છે પરંતુ આ સેક્ટરોમાં હમણાં જ સ્ટ્રોમ વોટર પાઈપલાઈનનું કામ પૂર્ણ થયુ છે. આ ઉપરાંત અખાદ્ય ચીજોના કારણે પણ આવા કેસો બની શકે છે તેમ મનાઈ રહ્યું છે.

તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા છે તેમજ તાત્કાલિક સર્વેલન્સના આદેશો પણ કરવામાં આવ્યા છે. છુટાછવાયા કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## સ્વામિનારાયણ સ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ ભાઈલાલભાઈ પટેલનું અવસાન

ગાંધીનગર, તા. ૨૭



ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સ્વામિનારાયણ હાઈસ્કૂલ (ગુરૂકુલ)ના પૂર્વ પ્રિન્સિપાલ ભાઈલાલભાઈ પટેલનું ગઈકાલે દુઃખદ અવસાન થયુ છે. સે. ૨૨ ખાતેના તેમના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં શહેર-જિલ્લાના શૈક્ષણિક જગતના અગ્રણીઓ અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. છેલ્લા થોડાક દિવસથી તેઓ બિમાર હતા અને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ દુઃખદ અવસાન થયુ છે.

## સે-૧૬-૧૭ અને સે-૧૯માં ૨૨૫ સરકારી આવાસોના રૂપરંગ બદલાશે

**સેકટરોમાં ચ , છ અને ઘ કક્ષાના વિવિધ મકાનોનુ અંદાજિત ૧૧ કરોડના ખર્ચે રીનોવેશન કરાશે**

ગાંધીનગર તા ૨૭

શહેરના સે-૧૬,સે-૧૭ અને સે-૧૯ માં ચ , છ અને ઘ કક્ષાના ૨૨૫ જેટલા આવાસોનુ મજબુતીકરણ કરવામાં આવશે. છેલ્લા ઘણાં સમયથી રહેણાંકની દ્રષ્ટીએ બિનઉપયોગી બનેલા આ આવાસોને નવા રૂપરંગ આપવા માટે અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે. એકબાજુ ભયજનક આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે ત્યારે આવાસોના રીનોવેશનના અંતે તંત્રના ચોપડે મોટી થતી આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ હળવી થશે.

શહેરમાં આવાસોના રીનોવેશન માટે ટુંકમાં કામ શરૂ કરાશે. સે-૧૬, સે-૧૭ અને સે-૧૯ માં જુના અને કંગાળ આવાસોનુ મજબુતીકરણ કરવામાં આવશે. અગાઉ આ સેકટરોમાં જુના અને જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે હજુ પણ શહેરમાં ભયજનક મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે બીજીતરફ વિવિધ કેટેગરીના સરકારી આવાસો અન્વયે તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે કર્મચારીઓને આવાસ ફાળવવા માટે નવા આવાસો તૈયાર કરવા તેમજ જુના અને કંગાળ આવાસનુ રીનોવેશનની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં અંદાજિત વિવિધ કક્ષાના ૧૬ હજાર જેટલા આવાસો હતા જયારે નિકાલ હેઠળના અને જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ સેકટરોમાં રહેણાંકને લાયક આવાસો પુરતા રહ્યા નથી એકબાજુ સેકટરોમાં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. જયારે સે-૭ સે-૨૯ અને સે-૩૦ બાદ હાલ સે-૬ માં નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે જુના મકાનો તાડીને નવી આવાસ યોજના માટે નવી સાઈટ પણ નક્કી કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે હાલ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોને યોગ્ય કરવા માટે તબક્કાવાર રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવે છે. જે અન્વયે સે-૧૬ અને સે-૧૭ માં ચ અને છ કક્ષાના સરકારી આવાસોનુ રીનોવેશન કરાશે. જયારે સે-૧૬ માં થોડા સમય અગાઉ જુના જર્જરીત આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે હવે રહેણાંકને લાયક આવાસોનુ રીનોવેશન કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉપરાંત સે-૧૯ માં પણ ઘ કક્ષાના આવાસોનુ મજબુતીકરણ કરવામાં આવશે. આ ત્રણેય સેકટરોમાં મકાનોના રીનોવેશનની કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે જયારે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે મકાનોની સુધારણાનુ કામ પણ શરૂ કરી દેવાશે.

## જિલ્લામાંથી ૩૧ હજાર વિદ્યાર્થીઓ ધો-૧૦ની બોર્ડ પરીક્ષા આપશે

**સામાન્ય પ્રવાહમાં ૧૫૧૭૦ અને વિજ્ઞાન પ્રવાહ માટે ૫૮૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા : વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત**

ગાંધીનગર તા ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં લેવાનારી બોર્ડની પરીક્ષાના આડે હવે માત્ર એક મહીનાનો સમય બાકી રહ્યો છે જયારે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે બીજીતરફ શિક્ષણ તંત્ર પણ પરીક્ષાને અનુલક્ષી પુર્વ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જિલ્લામાંથી ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો -૧૦ ની પરીક્ષા આપશે. જયારે આ પરીક્ષાર્થીઓ માટે ૯૦ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે.

ગત વર્ષ કરતા આ વર્ષે બોર્ડની પરીક્ષા ત્રણ દિવસ વહેલી શરૂ થશે જયારે પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે શૈક્ષણિક સંકુલો, ટયુશનના વર્ગોમાં પરીક્ષાના મુદ્દે આખરી તબક્કાની તૈયારી શરૂ કરી દેવાઈ છે.શિક્ષણ બોર્ડની કસોટી નજીક આવતા વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડુબ બન્યા છે. આખરી તબક્કાની તૈયારીમાં રીવિઝન વર્કમાં મશગુલ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે સજ્જ થઈ રહ્યા છે. આગામી તા ૫ માર્ચથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા શરૂ થશે જયારે આ પરીક્ષામાં જિલ્લામાંથી ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો-૧૦ ની પરીક્ષા આપશે.જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહ માટે પણ ૧૫૧૭૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. આ વિદ્યાર્થીઓ માટે ૨૬ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે.આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહની કસોટી માટે ૫૮૦૦ વિદ્યાર્થીઓની નોંધણી થઈ છે. જયારે આ માટે ૨૮ શાળામાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શિક્ષણ તંત્ર તેમજ બોર્ડ દ્વારા પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય તે મુજબની જરૂરી તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. શિક્ષણ તંત્રમાં પરીક્ષાલક્ષી આયોજન માટે બેઠકોનો દૌર પણ શરૂ કરી દેવાયો છે.



વાતાવરણમાં પલ્ટો - સૌરાષ્ટ્ર - કચ્છમાં કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહીના પગલે ગાંધીનગરમાં પણ સોમવારે બપોર બાદ વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો આવ્યો હતો... સાંજે તો જાણે હમણાં વરસાદ પડશે એવી દહેશત પણ વર્તાતી હતી... જોકે વાદળો વિખરાતા ગાંધીનગર વિસ્તાર કમોસમી વરસાદથી બચી ગયો હતો... આગામી બે-ત્રણ દિવસમાં પુનઃ ઠંડીનો એક રાઉન્ડ આવવાની આગાહી પણ કરાઈ છે...

## ગાંધીનગર ખાતે બટાટા ઉત્પાદકોને આજે પ્રધાનમંત્રી વિડીયો કોન્ફરન્સથી સંબોધન કરશે

ગાંધીનગર, ૨૭

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૨૮ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ રિમોટ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે યોજાનારા ૩જા વૈશ્વિક બટાટા સંમેલનને સંબોધિત કરશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી બટાટા ક્ષેત્રે સંશોધન, વેપાર અને ઉદ્યોગમાં રહેલી તકો અને સિદ્ધિઓ તેમજ મૂલ્ય શ્રૃંખલા વ્યવસ્થાપન અંગે સર્વાંગી સમીક્ષા કરશે અને આગામી દાયકા માટેનો રોડમેપ નક્કી કરે તેવી અપેક્ષા છે.

આ ત્રીજુ સંમેલન છે. દર દસ વર્ષના અંતરે બટાટા ક્ષેત્રે સિદ્ધિઓને નક્કી કરવી અને ત્યારબાદ આવનારા દાયકા માટે એક રોડમેપ નક્કી કરવો જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૩૦-૩૧ દરમ્યાન પંચાયતની ૩૦ બેઠકો પર પોષણ અભિયાનના કાર્યક્રમો યોજાશે

**રાજ્ય ગૃહમંત્રી સહિત ૮ અધિકારીઓ-પદાધિકારીઓ જિલ્લાના વિવિધ ગામોમાં જશે : ૩૦-૩૧ ગૃહમંત્રી ગાંધીનગર-કલોલમાં જશે જ્યારે ૧લીએ ગાંધીનગર-પેથાપુર જશે**

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૩૦ અને ૩૧ જાન્યુઆરી દરમ્યાન જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો પર અને ૧લી ફેબ્રુઆરીના રોજ ૪ નગરપાલિકા તેમજ ગાંધીનગર મહાનગરપાલિકામાં પોષણ અભિયાન અંતર્ગત કાર્યક્રમો યોજવામાં આવશે.

રાજ્ય સરકારે કન્યા કેળવણીની પેટર્ન પર આ અભિયાન યોજવાના કરેલા નિર્ણય પછી આજે જિલ્લાને રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિત ૭ જેટલા ઉચ્ચ અધિકારીઓની ફાળવણી કરાઈ છે. આ કાર્યક્રમોને આખરી ઓપ આપવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાને જે અધિકારીઓ ફાળવવામાં આવ્યા છે તેમાં આઈપીએસ અને આઈએફએસ કેડરના અધિકારીઓનો સમાવેશ થાય છે. મયંકસિંહ ચાવડા, નિરજા ગોટરૂ ઉપરાંત પ્રભારી સચિવ સંજીવકુમાર, સી.સી.એફ.એસ. ફ્રેન્કલીન, એમ.વી. પરમાર અને એ.ઈ. સેમ્યુઅલનો સમાવેશ થાય છે.

૩૦મીએ સવારે ચિલોડા(નરોડા) બેઠકમાં આવતા લીમ્બડીયા ગામ ખાતે રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા અભિયાનનો આરંભ કરાવશે.


રોજના બે કાર્યક્રમોમાં આ મહાનુભાવો હાજરી આપશે. તંત્ર દ્વારા આ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

૩૧મીએ રાજ્ય ગૃહમંત્રી કલોલ તાલુકાની પાનસર બેઠકમાં નારદીપુર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં તેમજ સોજા બેઠકમાં આવતા આમજા ખાતે આ કાર્યક્રમમાં હાજરી આપશે.

જ્યારે ૧લીએ ગાંધીનગર શહેરમાં અને બપોર પછી પેથાપુર નગરપાલિકાના કાર્યક્રમમાં તેઓ હાજરી આપશે.

તંત્ર દ્વારા આ અભિયાન માટે ખાસ નોડલ ઓફિસરો તેમજ લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરી દેવામાં આવી છે. આ અભિયાનમાં ''પાલક અભિવાદન'' પોષણ આરતી સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

**દસમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



જન્મ તારીખ
૨૬-૧૧-૧૯૨૮

સ્વર્ગવાસ તારીખ
૨૭-૦૧-૨૦૧૦

**સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ**

બંધ કરી આંખ અને દર્શન કરીએ, ઝુકાવી પાપણ તમને નમન કરીએ, નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી જોવાની રહી,સૌનો છોડ્યો સાથ ઓચિંતા લીધી વિદાય,ક્યાં જઈશું, કોને કહીશું, અમે અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી આંખોના અશ્રુ વહ્યા કરે છે. અંજલી આપતા શબ્દો ઓગળ્યા કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
હિના, રશ્મી, ભાવના (પુત્રવધૂઓ)
રોનક (પૌત્ર) - પૂજા (પૌત્રવધૂ), રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com